# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 17-09-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## PM – મધ્ય પ્રદેશની મુલાકાત

પ્રધાનમંત્રીનરેન્દ્ર મોદી આજે મધ્યપ્રદેશની મુલાકાત લેશે. તેઓ ધારમાં સ્વસ્થ નારી સશક્ત પરિવાર અને આઠમા રાષ્ટ્રીય પોષણ માસ અભિયાનનો પ્રારંભ કરશે. આ અભિયાન આજથી 2 ઓક્ટોબર સુધી દેશભરના આયુષ્માન આરોગ્ય મંદિરો, સામુદાયિક આરોગ્ય કેન્દ્રો, જિલ્લા હોસ્પિટલોઅને અન્ય સરકારી આરોગ્ય કેન્દ્રોમાં યોજાશે. પ્રધાનમંત્રી મોદી આ પ્રસંગે શિલાન્યાસ પણ કરશે અને અનેક પહેલોનો શુભારંભ કરશે અને જાહેરસભાને સંબોધિત કરશે. આ મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રી દેશભરનીપાત્ર મહિલાઓના બેંક ખાતાઓમાં પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના હેઠળ સીધી ધનરાશી ટ્રાન્સફર કરશે. શ્રી મોદી માતાઅને બાળ સ્વાસ્થ્ય વિશે જાગૃતિ લાવવા માટે સુમન સખી ચેટબોટ શરૂ કરશે. સિકલ સેલએનિમિયા સામે દેશની સામૂહિક લડાઈને આગળ ધપાવતા, પ્રધાનમંત્રી રાજ્ય માટે એક કરોડ સિકલ સેલસ્ક્રીનીંગ અને કાઉન્સેલિંગ કાર્ડનું વિતરણ કરશે.

**------------------------------------------------------------------------------------------**

## CM – આજથી સેવા પખવાડિયાનો પ્રારંભ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રક્તદાન થકી અન્ય લોકોના જીવનદાતા બનવા અનુરોધ કર્યો. દેશ અને દેશવાસીઓ માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સેવા અને સમર્પણના ભાવને ઉજાગર કરવાના હેતુથી આજથી સેવા પખવાડિયાની ઉજવણી કરાશે.

તેમણે વધુમાં જણવ્યું હતુ કે, કેન્દ્ર સરકારે બનાવેલી યોજનાઓના કેન્દ્રમાં હંમેશા આર્થિક રીતે નબળા લોકો, વંચિત અને છેવાડાનો માનવી રહ્યો છે.

દરમિયાન શ્રી પટેલે રાજ્યભરમાં રક્તદાન શિબિરમાં જોડાયેલા લોકોની કામગીરીને બિરદાવતા તેમણે રક્તદાતાઓને દેવદૂત ગણાવ્યા. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં એક દિવસમાં એક લાખથી વધુ રક્તદાતાઓએ રક્તદાન કરી વિશ્વ વિક્રમ સર્જાયો છે..

**--------------------------------------------------------------------------------**

## સ્વસ્થ નારી : સશક્ત પરિવાર અભિયાનનો પ્રારંભ

રાજ્યમાં આજથી "સ્વસ્થ નારી, સશક્ત પરિવાર" અભિયાનનો પ્રારંભ થશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસથી શરૂ થઇ આગામી બીજી ઑક્ટોબર સુધી યોજાનારા રાજ્યવ્યાપી અભિયાનનો પ્રારંભ રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી થશે.

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ અંગે માહિતી આપતાં કહ્યું, અભિયાન અંતર્ગત રાજ્યમાં અંદાજે કુલ એક લાખ 41 હજારથી વધુ આરોગ્ય શિબિર યોજાશે. તેમાં દસ હજાર 849 વિશેષ શિબિર અને એક લાખ 30 હજારથી વધુ તપાસ શિબિર દ્વારા લોકોને નિ:શુલ્ક આરોગ્ય સેવાનો લાભ અપાશે..

**--------------------------------------------------------------------------------**

## PM – અંગે ભજનગાયક અનુપ જલોટા, પત્રકાર શેખર ગુપ્તાના વિચાર

સાધારણ શરૂઆતથી લઈનેવિશ્વના સૌથી પ્રભાવશાળી રાજકીય વ્યક્તિઓમાંના એક બનવા સુધી, નરેન્દ્ર મોદીની સફર અસાધારણ રહી છે. ભારતના પ્રધાનમંત્રી તરીકે, તેમના નેતૃત્વએપ્રશંસા અને જિજ્ઞાસા જગાવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્રમોદી વિશે પ્રખ્યાત વ્યક્તિઓએ પોતાના વિચાર રજૂ કર્યા. જાણીતા ભજન ગાયકઅનુપ જલોટાએ કહ્યું કે પીએમ મોદીએ ભારતને વિશ્વમાં એક માનનીય સ્થાન આપ્યું છે...

**(બાઇટ : અનુપ જલોટા)**

વરિષ્ઠ પત્રકાર શેખર ગુપ્તાએ કહ્યૂ કે પ્રધાનમંત્રીમોદીનો પ્રભાર એ હકીકતથી પ્રેરિત છે કે તેઓ એક સ્વનિર્મિત રાજકારણી છે.

**(બાઇટ :** શેખર ગુપ્તા**)**

---------------------------------------------------------------------------------------------

## કચ્છમાં 1065 બોટલ રક્ત એકત્ર કરાયું

રાજ્યના તમામ કર્મચારી મહામંડળ દ્વારા રાજ્યમાં 300થી વધુ જગ્યાએ એક દિવસની મહા રક્તદાન શિબિર યોજાઈ હતી. જે અંતર્ગત

કચ્છ જિલ્લા સંયુક્ત કર્મચારી મોરચા દ્વારા આયોજિત નમો કે નામ રક્તદાન અંતર્ગત કચ્છના તાલુકા પ્રમાણે થયેલ રક્તદાન દ્વારા જિલ્લામાં કુલ 1065 બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું. જેની તાલુકાવાર વિગત જોઇએ તો ભુજ 215 બોટલ, અંજાર 168 બોટલ, ભચાઉ 107 બોટલ, રાપર 103 બોટલ, નખત્રાણા 91 બોટલ, ગાંધીધામ 84 બોટલ, મુન્દ્રા 81 બોટલ, અબડાસા 75 બોટલ, લખપત 71 બોટલ, માંડવી 70 બોટલ રક્ત એકત્ર કરાયું હતું.

---------------------------------------------------------------------------------------------

## સુરક્ષા સેતુ સોસાયટી – પૂર્વ કચ્છ પોલીસે પદયાત્રી સેવા કેમ્પ

ભચાઉ તાલુકાના સામખીયાળી ખાતે માતાના મઢ જતા શ્રદ્ધાળુઓ માટે સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત પૂર્વ કચ્છ જિલ્લા પોલીસે પદયાત્રી સેવા કેમ્પ શરૂ કર્યો છે. કેમ્પમાં યાત્રાળુઓ માટે વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. મેડિકલ સ્ટાફ સાથે દવાઓની સુવિધા પણ ઉપલબ્ધ છે. કેમ્પમાં સીસીટીવી કેમેરા પણ લગાવવામાં આવ્યા છે.

જિલ્લા પોલીસ વડા સાગર બાગમાર સહિત પોલીસ અધિકારીઓએ યાત્રાળુઓને ફળ અને છાસનું વિતરણ કર્યું હતું. યાત્રાળુઓની સલામતી માટે તેમના સામાન પર રેડિયમ પટ્ટી લગાવવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------------

# વિદ્યાસહાયકોની ભરતી પ્રક્રિયા

કચ્છને ખાસ કિસ્સામાં ધોરણ એકથી પાંચમાં ફાળવાયેલા 2500 પૈકી મળેલા 1012 શિક્ષકની વિશેષ ભરતી પ્રક્રિયા માટે શહેરની લાલન કોલેજ ખાતે ગઇકાલે હાથ ધરાયેલી પ્રક્રિયા દરમ્યાન પ્રથમ દિને 550 ઉમેદવારને બોલાવાયા હતા, જેમાં 528 ઉમેદવાર હાજર રહ્યા હતા, જેમના દસ્તાવેજોની ચકાસણી અને સ્થળ પસંદગી પ્રક્રિયા હાથ ધરાઈ હતી, જેમાંથી એક ઉમેદવારે કોઈ સ્થળ પસંદ ન કરતાં એક જગ્યા ખાલી રહી હતી.

---------------------------------------------------------------------------------------------